Saarth
E-Journal of Research

ISSN NO: 2395-339X

# કારકિર્દી ઘડતરમાં વ્યાવસાયિક તકોનું સ્થાન

કલ્પેશ નરેન્દ્રભાઈ સોલંકી*


- સારાંશ : (Abstract)

નેશનલ યુથ ડે પ્રસંગે માનનીય પ્રધાનમંત્રીશ્રીએ જણાવ્યુ હતું કે, આપણે યુવાનોને નોકરીઓ શોધનાર નહીં, પણ નોકરીનો સર્જનહાર બનાવવા માંગીએ છીએ. મોટાભાગના ભારતીય કામદારો રોજગાર માટે દેશ છોડીને વિદેશમાં જતાં હોય છે, ખાસ કરીને મધ્ય-પૂર્વના દેશોમાં તેઓ શ્રમિક તરીકેના રોજગાર માટે જાય છે. તેઓ અહી મુખ્યત્વે બાંધકામ અને રિઇલ ક્ષેત્રે કામ કરે છે. જ્યારે યુરોપના દેશોમાં જતાં ભારતીયો પોતાના ટેકનિકલ કૌશલ્યોને આધારે કામ કરે છે. પ્રમાણમા સધ્ધર રાજ્યો કર્ણાટક અને કેરલ જેવા રાજયોની સાથે જ હવે બિહાર અને ઉત્તર પ્રદેશ જેવા રાજયોના લોકો પણ વિદેશમાં કામે જવા લાગ્યા છે. પરિણામે ઇમિગ્રેશનના ટ્રેન્ડમાં પરિવર્તન જોવા મળ્યું છે. ઉત્તર પ્રદેશમાં આ માઈગ્રેશનનું સૌથી ઊંચું પ્રમાણ જોવા મળ્યું છે.

ગુજરાતની વાત કરીએ તો, સામાજિક માન્યતાને કારણે કૌશલ્ય પ્રાપ્તિ પ્રત્યે લોકોમાં વધુ રસ હોતો નથી. કારણ કે, તેમાં આકર્ષક પગારનો અભાવ હોય છે અને રોજગાર માર્કેટમાં પણ સારું સ્થાન હોતું નથી. આ બાબતો બુનિયાદી તાલીમ લેતા રોકે છે. તેથી NSQF મારફત એવા કાર્યક્રમો શરૂ કરાયા છે. જેથી કૌશલ્યો અને શૈક્ષણિક શિક્ષણ તંત્ર વચ્ચે ગતિશીલતાને જાળવી શકાય. આથી યુવાનોનેરોજગારની વધુ સારી તકો મળી રહે તે માટે રોજગાર મેળાઓનું આયોજન કરી શકાય.



- ચાવીરૂપ શબ્દો :

કારકિર્દી ઘડતર, વ્યાવસાયિક તકો, તાલીમ


- પ્રસ્તાવના : (Introduction)

જ્ઞાનના પ્રચંડ વિસ્ફોટને પરિણામે વિજ્ઞાન અને ટેકનોલોજીનું જ્ઞાન અતિ ઝડપે વધી રહ્યું છે. વિજ્ઞાન અને ટેકનોલોજીએ માનવ જીવનશૈલીમાં અને જીવનના સ્વરૂપોમાં આમૂલપરિવર્તન આણ્યું છે. તેને સ્થાને નિત નવા વ્યવસોયોનો ઉદભવ થતો જાય છે. નવા-નવા વ્યવસાયોના કારણે આ યુગ સંકુલ યા જટિલ યુગબનતો જાય છે. વિશાળ વ્યાવસાયિક જગતથી આજનો વિદ્યાર્થી પરિચિત થાય તો તે યોગ્ય ભાવિની કેડી કંડારી શકે

*કલ્પેશ નરેન્દ્રભાઈ સોલંકી , આસીસ્ટન્ટ પ્રોફેસર ,મુન્શી મહિલા બી.એડ્. કૉલેજ, ભરૂચ

Saarth E-Journal of Research

ISSN NO: 2395-339X

. જો વિદ્યાર્થીકાળમાં જ વિદ્યાર્થી વિશાળ વ્યવસાય જગતથી માહિતગાર થાય તો પોતાની ભાવિ કારકિર્દીનું આયોજન કરી શકે.યોગ્ય માહિતીના અભાવે જ કેટલાક વ્યવસાયમાં જનારની સંખ્યા ઘણી ઓછી હોય છે. આથી ઊલટું માહિતીના અભાવે ઘણા વ્યવસાયોમાં પૂ રતીસંખ્યામાં વ્યક્તિઓ જોડાતા નથી. એટલે જ વિદ્યાર્થીઓને વિવિધ વ્યવસાયોથી માહિતગાર કરવા આજના યુગની તાતી જરૂરિયાત છે, અહી આપણે સૌ વ્યાવસાયિક તકોના સંદર્ભમાં તેની વ્યાખ્યાનો પરિચય મેળવીએ.

- વ્યાવસાયિક તકોની વ્યાખ્યા :(Definition of Vocational Opportunities)

"વિદ્યાર્થીને પોતાના મનપસંદ કોઈ ચોક્કસ વ્યવસાયમાં પ્રવેશવા તે વ્યવસાયમાં અનુકૂલન સાધવા કે તે વ્યાસવસાયમાં વિકાસ કરવા માટે તેને મળેલી તકોને વ્યાવસાયિક તકો તરીકે ઓળખવામાં આવે છે".

વિદ્યાથીઓ પોતાના શોખને વ્યવસાયમાં બદલી શકતા હશે તો તે સૌથી શ્રેષ્ઠ બાબત છે. જીવનમાં સફળ થવા માટે તે બાબતો ખૂબજ અગત્યની છે.

૧) ક્વોલિટીવાળું કામ

૨) ક્વોન્ટિટીમાં કામ

જો વિદ્યાર્થીઓ પોતાના શોખને વ્યવસાયમાં બદલશે તો તેમનું કામ શ્રેષ્ઠ ક્વોલિટીનું હશે અને ક્વોન્ટિટીમાં કામ કરવા છતાં થાક લાગશે નહીં, કંટાળો આવશે નહીં અને માટે તે ખૂબજ સફળ રહેશે.

- વ્યાવસાયિક તકોનું મહત્વ:(Important of Vocational Opportunities)

આપણે જોઈએ તો ઔપચારિક અને અનૌપચારિક ક્ષેત્રોથી ભારતમાં દર વર્ષે ૧ કરોડથી વધુ રોજગારીનું નિર્માણ થાય છે.

વિદ્યાર્થીને પોતાની માનસિક ક્ષમતા, અભિયોગ્યતાઓ, અભિરુચિઓ અને વ્યક્તિત્વના લક્ષણોને ધ્યાનમાં રાખીને ભાવિ વ્યવસાયની પસંદગી કરવાની જે તક મળે તે હેતુથીતેને વિવિધ વ્યવસાયો વિશેની ચોક્કસ પ્રકારની માહિતી પૂ રીપાડવી જોઈએ. આમ, વ્યાવસાયિક તકોનું મહત્વ નીચે મુજબ દર્શાવાયું છે.

૧) વિદ્યાર્થીઓને જુદા જુદા પ્રકારના વ્યવસાયોની પાયાની બાબતોથી વાકેફ કરવા

૨) વિદ્યાર્થીઓ પોતાની ક્ષમતા અને શક્તિ અનુસાર વ્યવસાય ક્ષેત્ર પસંદ કરી શકે.

Saarth
E-Journal of Research

**ISSN NO: 2395-339X**

૩) વિદ્યાર્થીઓ પોતાની ખૂબીખામીઓથી પરિચિત થાય અને પોતે આ વ્યવસાય માટે કેટલો યોગ્ય છે? તે નક્કી કરી શકે.

૪) પોતાની પસંદગીના વ્યવસાયમાં પ્રવેશવા માટે જરૂરી પૂર્વતૈયારીઓકરી શકે.

૫) વ્યવસાયને અનુરૂપવિષયો, વિદ્યાશાખા અને શિક્ષણ સંસ્થા પસંદ કરી શકે.

૬) વિદ્યાર્થીઓ ભાવિ વ્યવસાય સાથે ભવિષ્યમાં અનુકૂલનસાધી શકે.

૭) વ્યવસાયના જોખમો, વ્યવસાયમાં પ્રગતિની તકો, મળનારું વેતન, બઢતી અને બદલી અંગે તથા વ્યવસાય સ્થળ અને કાર્ય સ્વરૂપ વિશે જાણી શકે.

૮) વિદ્યાર્થીઓ પોતાને અનુકૂળવ્યવસાયની પસંદગી કરી શકે.

૯) વિદ્યાર્થીઓ તે વ્યવસાયમાં પ્રવેશવા માટે જરૂરી પૂર્વતૈયારીઓકરી શકે.

- **વ્યાવસાયિક તકોની લાક્ષણિકતાઓ :(**Peculiarities of Vocational Opportunities)

**૧. માહિતી સંપૂર્ણચોકસાઇ ધરાવતી (**Accurate) **હોવી જોઈએ.**

જ્યારે વિદ્યાર્થીઓને વ્યાવસાયિક તકો માટેની માહિતી અપાય છે, તે પૂર્ણ ચોકસાઇ પછી જ આપવી જોઈએ. ખોટી તથા અપૂર્ણમાહિતી કોઈપણ વ્યક્તિને ગેરમાર્ગે દોરે છે.

દા.ત. : કોઈ ચોક્કસ વ્યવસાયલક્ષી સંસ્થાની માહિતી આપતા તે અનુદાનિક છે કે પછી સ્વનિર્ભર છે? તેની ચોકસાઇ થવી જોઈએ.

**૨. માહિતી અદ્યતન (**Latest) **હોવી જોઈએ.**

તાલીમ લેતા વિદ્યાર્થીઓને જ્યારે રોજગારીની વાતો કરવામાં આવે ત્યારે તેને અવનવીન માહિતીઓથી વાકેફ કરતાં રહેવું જોઈએ. કારણ કે વ્યવસાય સતત પરિવર્તન પામે છે. સરકારની નીતિ કે પછી ખાનગી સંસ્થાઓમાં વ્યવસાય ક્ષેત્રે વિવિધ પરિવર્તનો થતાં જોવા મળે છે.

દા.ત.: હાલમાં ગુજરાત રાજયમાં શિક્ષકો, અધ્યાપકોને નિશ્ચિત વેતનથી નોકરીમાં રખાય છે. આવી માહિતીથી વિદ્યાર્થીઓને કે પછી રોજગારી મેળવવા ઇચ્છુક લાયકાત ધરાવનાર ઉમેદવારને અજાણ રખાઇ તો તે ખોટું છે. નોકરીની શરતોના છેલ્લામાં છેલ્લા પરિપત્રની વિગતો ન અપાય તો તે ગેરમાર્ગે દોરાશે. તેવું કહી શકાય, જે ના થવું જોઈએ.

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

૩. માહિતી આધારભૂ તકે વિશ્વસનીય (Reliable) હોવી જોઈએ.

જ્યાં સુધી આપણી પાસે ચોક્કસ આધાર પુરાવા આવતા નથી. પરંતુ આપણે તેની અધ્ધરતાલ વાતો કરતાં હોઈએ છીએ, તે તદ્દન ખોટું છે.

કેટલીકવાર કોઈ એક વ્યક્તિની યાદદાસ્તને આધારે અપાયેલ માહિતી અધૂરી અચોક્કસ અને ખોટી હોવાનો સંભવ રહે છે. એટલે જો માહિતી વ્યવસાય સાથે સંકળાયેલ કોઈ વ્યક્તિ દ્વારા કે કોઈ ચોક્કસ સંસ્થા દ્વારા પ્રકાશિત છેલ્લામાં છેલ્લી માહિતી અપાય તો તે માહિતીને આધારભૂ ત કે વિશ્વસનીય ગણી શકાય. વિશ્વસનીય માહિતી સાચી, ચોક્કસ અને સંપૂર્ણહોય છે.

દા.ત. : કેટલાય સમયથી DIET ના કેટલાક કર્મચારીઓ પાસેથી એવું જાણવા મળી રહ્યું છે કે DIET માં ૨૭૮ જેટલી ભરતી આવવાની છે. અને તે જૂનમાં આવી જશે. પરંતુ તેનો કોઈ લેખિત પુરાવોનથી. માત્ર ઊડતી વાતો કહી શકાય.

૪ માહિતી અધિકૃત (Authentic) હોવી જોઈએ.

કોઈપણ વ્યવસાય વિશેની માહિતી એ સંસ્થા સાથે સંકળાયેલ અધિકૃત વ્યક્તિ દ્વારા અપાય તો તેને અધિકૃત માહિતી ગણી શકાય.

દા.ત. : ભૂમિદળ, નૌકાદળ કે વાયુદળની વિવિધ નોકરીઓની માહિતી આ સંરક્ષણ દળોની ભરતી કચેરી દ્વારા અપાઈ હોય તો તેને અધિકૃત ગણાય.

- વ્યાવસાયિક તકોના અમલીકરણ માટેના સૂચનો: (Suggestions for the Implementation of VocationalOpportunities)

વિદ્યાર્થીઓ પોતાનામાં રહેલા સામર્થ્યો, રસો અને આવડતોને તપાસી પોતે ચોક્કસ લક્ષ્ય સુધી પહોંચી શકે અને સારી રોજગારી પ્રાપ્ત કરી શકે તે માટે તેમની કાબેલિયતને ધ્યાનમાં રાખીને તેમને વ્યાવસાયિક માર્ગદર્શન આપવું જોઈએ. તેમજ આવી તકો ઝડપી લઈ વિદ્યાર્થીઓ તેને જીવન નિર્વાહમાં ઉપયોગી બનાવી શકે તેને ધ્યાનમાં લઈને આયોજન કરવું જોઈએ.

- જોબ ડેવલોપમેન્ટ માટેનું આયોજન કરવું :

વ્યાવસાયિક તકો ઓળખવાની પ્રક્રિયામાં વિદ્યાર્થી અને રોજગારદાતા બંને વચ્ચે યોગ્ય મેળાપ થયેલો હોવો જોઈએ. જેથી તેને સરળતાથી રોજગારીની તકો પ્રાપ્ત થઈ શકે. કારણ કે તેણે પસંદ કરેલ વિષય તેની પસંદગીનો જ હશે. પોતાની પસંદગીના વિષયમાં વિદ્યાર્થી વધુ મહેનત કરી સારું એવું પરિણામ પ્રાપ્ત કરી શકે.

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

- ઈન્ટર્નશીપનું આયોજન કરવું :

ઇન્ટર્નશીપના એક અનુભવઉપરથી વિદ્યાર્થીઓના આત્મ વિશ્વાસમાં બમણો વધારો જોવા મળે છે. ઇન્ટર્નશીપમાં કરેલ કામગીરી માટે તેને વળતર મેળે કે ના મળે પરંતુ તેમણે કરેલું કાર્ય તેમને અન્ય જગ્યાએ ઘણું મદદરૂપ થશે. તે માટે ઇન્ટર્નશીપનું આયોજન કરવું જરૂરી બની રહે છે.

- ઓનલાઈન જોબ કોચિંગ આપવાનું આયોજન કરવું :

શિક્ષક તરીકે વિદ્યાર્થીઓને એ રીતે વ્યવસાયલક્ષી કોચિંગ આપવું જોઈએ કે તેઓ રોજગાર આપનાર સાથે એક રોજગારી પ્રાપ્ત કરનાર તરીકે કેવી રીતે વર્તી શકે? તેમજ પોતાને કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખવાની જરૂરિયાત છે? તે વિશે જાણી શિક્ષકોએ તેમને Online Coaching આપવું જોઈએ.

- સહાયિત રોજગારીની વ્યવસ્થાનું આયોજન કરવું :

જે શાખામાં તે ભણે છે કે કોઈ સંસ્થામાં તે તાલીમ પ્રાપ્ત કરે છે. તો ત્યાંના સ્ટાફગણની મદદથી વિદ્યાર્થીઓને પોતાના ફિલ્ડમાં કોઈ જગ્યાએ રોજગારી મળી રહે તેવા પ્રકારની સહાયિત રોજગારીની ચોક્કસ પ્રકારની વ્યવસ્થાનું આયોજન કરવું જોઈએ.

- વ્યાવસાયિક પૃથક્કરણકરી શકાય તેવું આયોજન કરવું :

વ્યાવસાયિક તાલીમ આપ્યા બાદ કે પછી જોબ કરવા માટેની જરૂરી લાયકાત ધરાવ્યા બાદ કેટલીક બાબતોને ધ્યાનમાં લઈ તેનું પૃથક્કરણકરવું જરૂરી બની રહે છે.

વ્યવસાય પૃથક્કરણ એ વ્યવસાય વિશેની જરૂરી માહિતી પ્રાપ્ત કરવાનું ઉત્તમ સાધન છે. વ્યવસાયનો તલસ્પર્શી પરિચય આપતો વૈજ્ઞાનિક ઢબે કરવામાં આવતો અભ્યાસ એટલે વ્યવસાય પૃથક્કરણ આ પદ્ધતિમાં વ્યવસાયને લગતી ઝીણામાં ઝીણી બાબતોના તાણા-વાણાં તપાસી તેનો ચોક્કસ અભ્યાસ હાથ ધરાઇ તેવી વ્યવસ્થાનું આયોજન થવું જોઈએ.

વ્યવસાય પૃથક્કરણએ વ્યવસાયનો વૈજ્ઞાનિક અભ્યાસ છે. જેમાં વ્યવસાયને લગતા તમામ સત્યો વ્યવસાયની મહત્વની માહિતી અને વ્યવસાયને ઘાટ આપતા વ્યવસાય સાથે સંકળાયેલા પરિબળો સ્પષ્ટ થતાં જોવા મળે છે. જેમ કે,

વ્યવસાય પૃથક્કરણમાં.....

૧ વ્યવસાય માટે આવશ્યક કૌશલ્યો (skills)

૨ વ્યવસાય માટે જરૂરી જ્ઞાન (Knowledge)

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

૩ વ્યવસાય માટે જરૂરી શક્તિઓ (Abilities)

૪ વ્યવસાયમાં જવાબદારીઓ (Responsibilities)

- સ્કિલ ટ્રેનીંગ અને પ્લેસમેન્ટ થકી રોજગારી આપવાનું આયોજન કરવું :

શહેરી ગરીબોને નોકરી આપવાનો હેતુ ESTP માં ટોચના સ્થાને છે. સ્કિલ ટ્રેનીંગ પ્રોગ્રામ પૂરો કરીને બહાર આવેલ લોકોના મહેનતાણા અને સ્વરોજગાર માટે પ્લેસમેન્ટ પર વધુ ફોકસ કરવામાં આવે છે. ઘરેલુ માંગને પહોંચી વળવા માટે આ યોજના કારગર નીવડી કે નહીં તે માટે એક સર્વે પણ કરવામાં આવ્યો છે. વિવિધ ઈન્ડસ્ટ્રી માંગ અને વિવિધ બજાર તકોને જોતાં ઇચ્છુક લોકોને તેમના પસંદગીના પ્રોગ્રામ અને વિવિધ સ્કીમો નક્કી કરવાનો વિકલ્પ હોય છે.

- સ્વ રોજગાર કાર્યક્રમનું આયોજન કરવું:

આ યોજના હેઠળ સ્વરોજગારના કોઈપણ કાર્ય માટે ૭% વાર્ષિક વ્યાજદરે વ્યક્તિગત અથવા સામુહિક લોન આપવામાં આવે છે. તેમાં કુલ ત્રણ પ્રકારની લોન આપવામાં આવે છે. એક છે વ્યક્તિગત, વધુમાં વધુ બે લાખ રૂપિયાની લોન, સામુહિક મહત્તમ રૂ. ૧૦ લાખની લોન અને SHG બેંક લીન્કેજ લોન ૧:૪ ના રેશિયામાં (આર.બી.આઇ.ની માર્ગદર્શિકા મુજબ) આ લોનને મંજૂર કરવા માટે એક ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવે છે. જેમાં બેન્કના કર્મચારીઓ અને શહેરી વિકાસ સંસ્થાના અધિકારીઓ સામેલ હોય છે. (Urban Local Body). તેઓ SE હેઠળ આવેલ લોનની અરજીઓની ચકાસણી કરે છે. આમ, સ્વરોજગારના કાર્યક્રમ હેઠળ રોજગારીની તકો વધી જતી જોવા મળે છે.

- વ્યાવસાયિક તકો માટેના પ્રાપ્તિ સ્થાનો: (Resources of Vocational opportunities)
  વ્યાવસાયિક તકો માટેની જરૂરી માહિતી નીચે દર્શાવેલ સ્થાનોએથી પ્રાપ્ત કરી શકાય.

૧) ગુજરાત રાજ્ય શૈક્ષણિક અને વ્યાવસાયિક માર્ગદર્શન સંસ્થા, આર.સી. ટેકનિકલ હાઈસ્કૂલ કમ્પાઉન્ડ, દિલ્હી દરવાજા, અમદાવાદ

૨) નેશનલ કાઉન્સીલ ઓફ એજ્યુકેશનલ રીસર્ચ એન્ડ ટ્રેનીંગ (N.C.E.R.T.) નવી દિલ્હી.

૩) ડાયરેક્ટર જનરલ ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ ટ્રેનીંગ, નવી દિલ્હી.

૪) સંરક્ષણ દળોની ભરતી કચેરીઓ, રાજકોટ, અમદાવાદ, મુંબઈ

૫) ડાયરેક્ટર ઓફ મેનપાવર. એમ્પ્લોયમેન્ટ એન્ડ ટ્રેનીંગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

૬) રેલ્વે બોર્ડ, રેલ્વે મંત્રાલય, નવી દિલ્હી

Saarth E-Journal of Research

**ISSN NO: 2395-339X**

૭) યુનિયન પબ્લિક સર્વિસ કમિશન, નવી દિલ્હી

૮) ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન, અમદાવાદ

૯) ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ

૧૦) ગુજરાત રાજ્યના વિવિધ જીલ્લામાં આવેલ રોજગાર વિનિમય કચેરીઓ

૧૧) ગુજરાત રાજ્યના યુનિવર્સિટીઓમાંઆવેલ એમ્પ્લોયમેન્ટ ઈન્ફર્મેશન એન્ડ ગાઈડન્સ બ્યુરો

૧૨) ઉદ્યોગ નિયામક ગુજરાત રાજ્ય, ગાંધીનગર

- ઉપસંહાર: (Conclusion)

એવું માનવમાં આવે છે કે ૨૦૧૮-૧૯ દરમિયાન આશરે પલાખ યુવા, શિક્ષિત અને સારું કૌશલ્ય ધરાવતા કામદારોને રોજગારીની તકો પૂરીપાડવામાં આવી છે. નવયુવાનોમાટે ચોક્કસ પ્રકારની તાલીમોનું આયોજન થાય, તેમણે ઉચ્ચ શિક્ષણ મળી રહે અને જીવન નિર્વાહ ચલાવવા માટે સરળતાથી રોજગારી પ્રાપ્ત થઈ રહે તેવી ચોક્કસ પ્રકારની તાલીમી સગવડો મળી રહેવી જોઈએ. ખાસ કરીને યુવાનોના ઉત્સાહમાં વધારો કરવા માટે તેમની પસંદગીની વ્યાવસાયિક તકો મળી રહે તે બાબત નોંધનીય છે.

સંદર્ભ સાહિત્ય :

- ક્રિશ્નન કે.પી. (૨૦૧૮) યોજના. - અમદાવાદ, યોજના કાર્યાલય
- પટેલ જે.ડી. (૨૦૧૮) વ્યાવસાયિક શિક્ષણ. અમદાવાદ, અમોલ પ્રકાશન

  જોશી એમ.એલ. (૨૦૦૭) માર્ગદર્શન અને સલાહ, અમદાવાદ વારિષેણ પ્રકાશન